ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



**અતુલ અમીન**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૭૮૯ ૭૨૬૫૦



**વિરેન કે પ્રજાપતિ**
મો. ૭૯૯૦૯ ૫૪૧૪૯



**તરંગ જિતેન્દ્ર પરમાર**



**પૂજન સી ગોસ્વામી**
મો. ૯૩૭૫૦ ૨૮૭૯૯

### રાજ્યમાં હેલ્ધી કેમ્પસની શ્રેષ્ઠ શરૂઆત બદલ

# કેએસવીને 'સ્ટાર પરફોર્મર યુનિવર્સિટી' પુરસ્કાર





ગાંધીનગર, તા. ૯

નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા ૨૦૧૨થી હેલ્ધી કેમ્પસ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઝ અને કૉલેજીસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સ્વાસ્થ્ય પ્રત્યે સભાન બને અને કેમ્પસ વ્યસન તથા નશામુક્ત બને તે હતો. આ મુહમમાં સમગ્ર ગુજરાતમાંથી ૭ યુનિવર્સિટીઝ અને ૮૦ કૉલેજીસ જોડાઈ હતી અને પાંચ હજારથી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડ્રગ ફ્રી ઈન્ડિયા પ્રૉજેક્ટ માટે કામ કરનારી રાજ્યની શ્રેષ્ઠ પાંચ કૉલેજીસ અને એક શ્રેષ્ઠ યુનિવર્સિટીને તાજેતરમાં પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

હેલ્ધી કેમ્પસની શરૂઆત કરવા માટે કડી સર્વ વિશ્વવિદ્યાલયને ગુજરાતની શ્રેષ્ઠ યુનિવર્સિટી તરીકે સ્ટાર પરફોર્મર યુનિવર્સિટી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટી વતી ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા આ એવોર્ડ સ્વીકારવામાં આવ્યો હતો. સાથે સાથે જે યુવાનો દ્વારા આ પ્રોજેક્ટને નેતૃત્વ પૂરું પાડી જહેમત ઉઠાવવામાં આવી હતી તેમને યુથ આઈકોન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. કડી સર્વ વિશ્વવિદ્યાલયના બે પૂર્વ વિદ્યાર્થી ડૉ. રોનક કડિયા અને ડૉ. સંકેત પટેલને યુથ આઈકોન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત રજત જોશી, મીત કોયાણી, સુરજ મુંજાણી, દક્ષ શાહ, હિમાની વ્યાસ, નિષ્ઠા મહેતા, વિજેન્દ્રસિંહ દેવડા અને ગુંજન પનારાને આ પ્રોજેક્ટમાં તેમના યોગદાન માટે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ સમારોહ ગુજરાત યુનિવર્સિટી સેનેટ હોલ ખાતે યોજાયો હતો, જેમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હિમાંશુ પંડ્યા, એનસીબી ઝોનલ ડિરેક્ટર હરિઓમ ગાંધી, ભારતનાત સૌથી નાની ઉંમરના આઈપીએસ સફિન હસન, કે કે નિરાલા તથા જી પી વડોદરિયા ઉપસ્થિત રહ્યા હતા.

# ફાર્મા ક્ષેત્ર માટે 'ઈસ્પ્રા'ની રચના

ગાંધીનગર, તા. ૯

ફાર્માસ્યુટીકલ ક્ષેત્રના રેગ્યુલેટરી ભાગની પ્રાધાન્યતા અને જરૂરિયાતને લક્ષમાં લઈ ઈન્ડિયન સોસાયટી ફોર ફાર્માસ્યુટિકલ રેગ્યુલેટરી અફેર 'ઈસ્પ્રા'ની સ્થાપના કરવામાં આવી, જેની સાથે જ પ્રથમ સંમેલન રીતે એક દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ તાજેતરમાં યોજાયું હતું, જેમાં સોસાયટીનું બંધારણ, કાર્યપ્રણાલી અને હોદ્દાની વરણી કરવામાં આવી હતી, જેમાં પ્રમુખસ્થાન ગુજરાત રાજયના ઔષધ અને ખાદ્ય નિયમન ખાતાના કમિશનર હેમંત કોશિયાએ શોભાવ્યું હતું.

ઝાયડસ કેડિલા અને ગુજરાતની વિવિધ ફાર્મસી કૉલેજના સફળ સહકારના પરિણામ સ્વરૂપ 'ઈસ્પ્રા'ની સંગઠિત રચના થઈ કાર્યવંત બની, જેના ભાગરૂપે ગાંધીનગરની કે બી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી રિસર્ચ એન્ડ એજ્યુકેશન ખાતે એક દિવસીય આંતરરાષ્ટ્રીય સંમેલન યોજાયું. સંમેલનમાં અતિથિવિશેષ ડૉ. હેમંત કોશિયા, વિજય શાહ, નીરવ ચોકસી, ડૉ. ગાર્ગી રાજપરાએ મંચને શોભાયમાન કર્યું હતું.

સંમેલનમાં ગુજરાતની વિવિધ ફાર્મા કંપની, કૉલેજ અને સંસ્થાના ૨૫૦ જેટલા વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ૪૩ સ્પર્ધકોએ રેગ્યુલેટરીને આવરી લેતા વિવિધ વિષયો અંગે પોસ્ટર્સ રજૂ કર્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા ફાર્મસી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. શ્રીકલ્પ દેશપાંડે, રેગ્યુલેટરી વિભાગના ડૉ. મૈત્રયી ઝવેરી, ડૉ. વિનિત મોવલિયા, કરશનભાઈ પટેલ અને ડૉ. દિવ્યાંગ દવે ઉપસ્થિત રહ્યા હતા.

# એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા રાજ્યપાલ-મુખ્યમંત્રીની મુલાકાત લેવાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા શિક્ષક દિવસ નિમિત્તે રાજ્યપાલ ઓ પી કોહલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કલેક્ટર એસ કે લાંગા, ડીડીઓ, ડીઈઓ, જિલ્લા પોલીસ વડાની મુલાકાત લઈ શિક્ષક દિવસનો ફાળો એકત્ર કરવામાં આવ્યો હતો. આચાર્ય અર્પિત ક્રિશ્ચિન સાથે વિદ્યાર્થી નિશિ પટેલ, જાસ્મીન બોરા, નિધિ મારૂ, બાપુ ચૌધરી અને યશ ચૌધરી આ મુલાકાતમાં જોડાયા હતા.

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજનું ગૌરવ



ગાંધીનગર, તા. ૯

વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ તરફથી લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ઉચ્ચતમ ગુણ મેળવી પાસ થનારા શાળાના ત્રણ વિદ્યાર્થીઓને રિલાયન્સ ફાઉન્ડેશન તરફથી શિષ્યવૃત્તિ પ્રદાન કરવામાં આવી છે.

મૅડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવનાર ધૃવ અમીતભાઈ પરમાર અને ઝીલ મુકેશકુમાર વ્યાસને રૂા. ૪૧ હજાર તથા આઈઆઈટીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી યશ પરેશકુમાર શાહને રૂા. ૩૬ હજારની શિષ્યવૃત્તિ પ્રદાન કરવામાં આવી છે. શાળા પરિવાર વતી આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણીએ ત્રણેય વિદ્યાર્થીઓનો અભિનંદન પાઠવ્યા છે.



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે શિક્ષક દિનની ઉજવણી ઉત્સાહથી કરવામાં આવી હતી. શિક્ષણકાર્ય કર્યા બાદ વિદ્યાર્થીઓએ પોતાના અનુભવોનું વર્ણન કર્યું હતું. સૌ વિદ્યાર્થીઓને શિક્ષણકાર્ય કરવા બદલ પ્રોત્સાહન રૂપે 'સત્યના પ્રયોગો' પુસ્તક ભેટ ધરવામાં આવ્યું હતું.



આદર્શ નિવાસી કુમાર શાળા, સૅક્ટર-૮ ખાતે શિક્ષક દિવસની ઉજવણી અનન્ય ઉત્સાહથી કરવામાં આવી હતી. ધોરણ-૯,૧૦,૧૧ અને ૧૨ના ૩૧ વિદ્યાર્થીઓએ આચાર્ય, શિક્ષકો અને સેવકોની ભૂમિકા ભજવી હતી. વિદ્યાર્થીઓએ પોતાને ઋચિકર વિષય લઈને તેમના અન્ય સહપાઠીઓ આગળ સુંદર રીતે સાત તાસ સુધી શૈક્ષણિક કાર્ય કર્યું હતું. છેલ્લા તાસમાં વિદ્યાર્થીઓએ પોતાના આજના શિક્ષણકાર્યના અનુભવો રજૂ કર્યા હતા.

કાર્યક્રમનું આયોજન આચાર્ય કે જી સોલંકીના માર્ગદર્શનમાં મદદનીશ શિક્ષક ડી એ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ-અપ ટૅકનોલૉજી સમિટ સંદર્ભે

# કેએસવી દ્વારા રોડ શો અને જાગૃતિ કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૯

ગુજરાત સરકાર દ્વારા આગામી તારીખ ૧૧, ૧૨, અને ૧૩ ઓકટોબર ૨૦૧૮ના રોજ વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ અપ ટેકનોલોજી સમિટનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગ અંતર્ગત તારીખ ૭ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ કડી સર્વ વિશ્વવિદ્યાલયના એલ ડી આર પી કેમ્પસ ખાતે રોડ શો અને જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવેલ હતું.

પ્રસંગોચિત ઉદબોધનમાં એસ વી ઈનોવેશન ફાઉન્ડેશનના સીઈઓ, ડો. ભાવિન પંડ્યા એ સ્ટાર્ટ-અપ સમિટમાં ભાગ લેવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. એસ વી ઈનોવેશન ફાઉન્ડેશન વિવિધ પ્રવૃતિઓ દ્વારા મુખ્ય આઈડિયાને પ્રોટોટાઈપ લેવલ સુધી પોહ્ચાડીને ગવર્મેન્ટ અને ઈન્ડસ્ટ્રી કમિશનર ડીપાર્ટમેન્ટ સાથે મળીને ગ્રાન્ટ પૂરી પાડવામાં વિદ્યાર્થીઓને મદદ કરે છે.

એસ વી ઈનોવેશન ફાઉન્ડેશન અંતર્ગત વાઈબ્રન્ટ ગુજરાત સમિટ હેઠળ ૫૫ જેટલા સ્ટાર્ટઅપ રજીસ્ટર્ડ થયેલ છે. આ તમામને સંસ્થા ના ચેરમેન વલ્લભભાઈ એમ.પટેલે શુભેચ્છા પાઠવી હતી. જાગૃતિ અભિયાન અંતર્ગત જોઈન્ટ કમિશનર ઓફ ઈન્ડસ્ટ્રીઝ, ગવર્મેન્ટ ઓફ ગુજરાત, શ્રી આર ડી બારહટે વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ અપ ટેકનોલોજી સમિટ ૨૦૧૮ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. ERNST AND YOUNGના સીનીયર કન્સલ્ટન્ટ અરુનીકા કરમાકરે વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત ગ્રાન્ડ ચેલેન્જ વિષે માહિતી આપી હતી તેમજ પ્રભાત મહતોએ વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ અપ હેઠળ અલગ અલગ થીમ વિષે માહિતી આપી હતી. આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં ઈન-ચાર્જ વાઈસ ચાન્સેલર ડો. ગાર્ગી રાજપરા, એક્ઝામ કંટ્રોલર પ્રો. પી.કે શાહ અને પ્રોફેસર કેયુર શાહ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડો. ભાવિન પંડયાના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ કો-ઓરડીનેટર પ્રો. કૃપા મેહતા અને ડો. સબીના ખાન તેમજ ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને ખૂબ જ સફળ બનાવ્યો હતો.

# સોશિયલ મીડિયા.કોમ

પથ્થર બનીને કોઈને ઠેસ પહોંચાડવા કરતાં સહારો બનીને ચાલો, ઠેઠ પહોંચાડીએ.

●

તમે માળા બદલો, મંદિર બદલો કે ભજન બદલો, કંઈ ફેર નહીં પડે. પરિણામ જોઈતું હોય તો એકવાર વિચાર બદલો.

●

જેની પાસે વહેલા ઊઠવાનું મજબૂત કારણ હોય તેને ઍલાર્મની જરૂર નથી પડતી.

●

પરિવારના નામનો ભલે કોઈ વાર નથી, પરંતુ તેના વિના એકેય તહેવાર નથી.

●

તોફાની છે, તારાથી પણ નહીં ઝાલ્યાં રહે,
જોવું છે ? તો અરમાનોને જકડી જો.

**- કિશોર જીકાદરા**

●

તોય બનીને રે'શે તારો, દિલ પર નહીં લે,
પડછાયાની સાથે આજે ઝઘડી જોજે.

**- કિશોર જીકાદરા**

ભ્રષ્ટાચારના પ્રવાહમાં વહેતાં તો અમને પણ આવડતું હતું, પણ કોઈ હલકા ન કહે એટલે સત્યના કૂવામાં ડૂબી ગયા.

●

લાગણીને છૂટ્ટી વહેંચતાં પહેલાં સામેવાળાની પાચનશક્તિ ચકાસી લેવી જોઈએ.

●

વિરોધ વધારે હોય તો સમજી લેવું કે લોકો કાં તમને માપી નથી શકતા ને કાં તમને આંબી નથી શકતા.

●

લાગણીઓને પગ નથી હોતા, તેમ છતાં એ દિલ સુધી પહોંચી જ જાય છે.

●

## અતિમનસ્‌નો યાત્રી

કારાગૃહમાં તેજનું પૂર રેલાયું
ગાઢ તિમિર ઓસરવા લાગ્યું
'વંદે માતરમ્‌ના ક્રાંતિવીરને દિવ્ય રૂપ દેખાયું
દેવકીનંદન યોગેશ્વરનો સંભળાયો આદેશ
કારાગૃહની કોટડી છોડી ચાલી નીકળ્યો અનુપમ યોગી
પહોંચી પોંડીચેરી, પલાંઠી વાળી યોગારૂઢની
આસન-સ્થિર ને ધ્યાન-વીર થઈ ગયો સત્યવ્રતધારી
પ્રાણકોશને શુદ્ધ કરી, મનોકોશને અતિક્રમીને
એ આવી પહોંચ્યો અતિમનસ્‌ના તીર્થ-તીરે
જેલકોટડી સહજમાં છોડી પણ કદી ના છોડી આસન-ઓરડી
દિવ્યજીવનના અગ્રદૂતને એક જ અમારી પ્રાર્થના
માનવચેતનાનું આરોહણ કેમ ને ક્યારે થાશે ?
અમ સૌના આરોહણ અર્થે તવ કૃપા ઉતરશે ક્યારે ?
મહાકાવ્ય સાવિત્રીનું સર્જન કેવું રૂડું કર્યું
મર્ત્યને અમર્ત્ય થવાના આશિષ ક્યારે આપીશ ?
ઓરોવિલાનું માતૃમંદિર વિશ્વશાંતિ સર્જીને રહેશે
એવી અમ અંતરની અભિપ્સા જરૂર તૃપ્ત થશે
હે મહર્ષિયોગી, તને સૌ સાધકના શતશઃ પ્રણામ

**- પ્રા. વી જી પંડ્યા**

●

## વારસો

સાસુએ વહુને હાકલ મારી, 'તેલની તવી ઊંધી વળી ગઈ! આંધળી છો? ભડકો થયો હોત તો! મારો દીકરો ગમે એટલું કમાય તોય આમાં પૂરું ક્યાંથી થાય?'

રીમાના હોઠ ઊંચા નીચા થયા હતા, પણ દિક્ષિતે હોર્ન વગાડતા તે દરવાજો ખોલવા ગઈ. આમ વગર તેલે ભડકો થતાં થતાં રહી ગયો.

રીમા અને દીક્ષિત જાણતા હતા છતા આંખ આડા કાન કરી દેતા. દીક્ષિત જાણતો હતો કે પિતા ગુજરી ગયા પછી માનું ધ્યાન રાખવાની જવાબદારી પોતાની હતી. રીમા પણ સમજતી હતી કે એક તરફી કકડાટ કેટલી વાર ચાલે?

દીક્ષિત ઑફિસે જતો રહે પછી ઘરમાં રીમાને નાનકડાં મુન્નાનો સાથ મળી રહેતો. દાદા-દાદીને પણ તે વહાલો હતો, એમ કહેવું ખોટું નથી કે મુન્નો દાદી અને મમ્મીને સાચવતો !

ઘરમાં વાસણ ખખડે તે સાંભળવાની ટેવવાળા સાસુને શાંતિ ખાવા દોડતી. ચડા-ઊતરી કર્યા વગર તેઓને ખાવું ભાવતું નહીં. રીમા ક્યારેક એમની ઈચ્છા પૂરી કરતી. વળી ક્યારેક વધારે ઓક્સિજન મળી જતા આગની જવાળા દીક્ષિત સુધી પહોંચતી.

દીકરો માને સમજાવે પણ ખરો! પણ મા તે મા! તેઓ જૂની યાદો દીકરા પાસે વાગોળી વહુની ઈર્ષા કરતા. તેઓ કહેતાં કે, 'અમારે વહેલાં ઊઠવું પડતું, ભાત કરી વાડીએ જવું પડતું. આખા દિવસ ખેતરનું કામ, સાથે ઘરનું અને ઢોરનું કામ તો ખરું જ! આજ કાલની વહુને તો જલ્સા છે જલ્સા! તારી દાદીમા મને ઉતેળી નાંખતા સમજ્યો!'

દીક્ષિત કહેતો, 'મમ્મી, જૂની વાતો જવા દો ને! આજે જમાનો બદલાઈ ગયો છે. મારે પપ્પાએ વારસામાં આપેલા ધંધામાં સારું છે. ખાઈ પીને આનંદ કરો ને!'

મમ્મીથી અનાયસે બોલાઈ ગયું, 'જો બેટા, હું તમારા ભલા માટે જ ચિંતા કરું છું. તારા પપ્પાએ તને વારસામાં આપ્યું તેમ મારે પણ મારી વહુને...'

દીક્ષિત નિરુત્તર રહ્યો.

**- શૈલેષ કાલરિયા 'દોસ્ત'**

●

હજારો વર્ષની જૂની અમારી વેદના;
કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથા;
મરેલાંનાં રુધિર ને જીવતાંનાં આંસુડાં;
સમર્પણ એ સહુ તારે કદમ, પ્યારા પ્રભુ!
અમારા યજ્ઞનો છેલ્લો બલિઃ આમીન કે'જે!
ગુમાવેલી અમે સ્વાધીનતા તું ફરી દેજે!
વધારે મૂલ લેવાં હોય તોયે માગી લેજે!
અમારા આખરી સંગ્રામમાં સાથે જ રે'જે!
પ્રભુજી! પેખજો આ છે અમારું યુદ્ધ છેલ્લું,
બતાવો હોય જો કારણ અમારું લેશ મેલું -
અમારાં આંસુડાં ને લોહીની ધારે ધુએલું!
દુવા માગી રહ્યું, જો, સૈન્ય અમ તત્પર ઊભેલું!
નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે;
જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છેઃ
ફિકર શી જ્યાં લગી તારી અમો પર આંખડી છે?
જુઓ આ, તાત! ખુલ્લાં મૂકિયાં અંતર અમારાં,
જુઓ, હર જખ્મથી ઝરતી હજારો રક્તધારા,
જુઓ, છાના જલે અન્યાયના અગ્નિ-ધખારાઃ
સમર્પણ હો, સમર્પણ હો તને એ સર્વ, પ્યારા!
ભલે હો રાત કાળી - આપ દીવો લૈ ઊભા જો!
ભલે રણમાં પથારી-આપ છેલ્લાં નીર પાજો!
લડન્તાને મહા રણખંજરીના ઘોષ ગાજો!
મરન્તાને મધુરી બંસરીના સૂર વાજો!
તૂટે છે આભ ઊંચા આપણા આશામિનારા,
હજારો ભય તણી ભૂતાવળો કરતી હુંકારા,
સમર્પણની છતાં વહેશે સદા અણખૂટ ધારા.
મળે નવ માવડીને જ્યાં લગી મુક્તિ-કિનારા.

**- ઝવેરચંદ મેઘાણી**